# વણસોલ ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી અને ફાર્મ ટૅકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર દ્વારા પ્રાકૃતિક ખેડૂત શિબિર યોજાઈ

આણંદ કૃષિ યુનિવર્સિટીના, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા મહેમદાવાદ તાલુકાના વણસોલ ગામ ખાતે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા પ્રાકૃતિક કૃષિની અગત્યતા ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે માહિતી આપેલ હતી.

સદર તાલીમમાં વણસોલ ગામના ૧૪ ખેડૂતો અને ૬ મહિલા ખેડૂતોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

